ક્રમાંક: ઘ/અનદ-૩/લા.ક./ઉ.ના.સ./૨૦૧૯/20046-74

નિયામકશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં-૯, પ્રથમ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા. 15/૦૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય: ચાલુ નોકરી દરમ્યાન લાપતા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત

સંદર્ભ: સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-પાર્ટ-૧-ક, તા. ૨૫/૦૬/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન લાપતા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ ની જોગવાઈ મુજબ ઉચ્ચક નાણાંકીય સહાય મળવાપાત્ર રહેશે.

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવ અન્વયે આપના જિલ્લાની તાબા હેઠળની બિન સરકારી શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ ના લાપતા થયેલ કર્મચારીના કેસોમાં સદર ઠરાવનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ અત્રે કેસ રજુ કરવા તથા આ ઠરાવ પ્રમાણે ઠરાવ ના ક્રમા નં- ૧ ની (એ) થી (એફ) ની જોગવાઈ અને ક્રમ નં-૨ (એ), (બી) ની જોગવાઈઓ પ્રમાણે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, સંદર્ભદર્શિત ઠરાવ અનુસાર લાપતા કર્મચારીના કેસમાં આપની કક્ષાએ નિર્ણય લેવાનો થતો હોય તો તે પ્રકારના કેસોમાં આપની કક્ષાએ નિર્ણય લઈ અત્રેની કચેરી ખાતે જાણ કરવાની રહેશે. સદર ઠરાવની નકલ સામેલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક,
ગુ.રા., ગાંધીનગર

જાણ ૩ાખ્યાની ૩રોકી
૧૭/૭

2

Scanned by CamScanner

**ચાલુ નોકરી દરમ્યાન લાપત્તા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-પાર્ટ-૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૫ /૦૬/૨૦૧૯

**વંચાણે લીધા :-**

(૧) સા. વ. વિભાગનો તા. ૧૦-૩-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : ભરત-૨૧૯૭-ક
(૨) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૩) સા. વ. વિભાગનો તા. ૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૪) સા. વ. વિભાગનો તા. ૭-૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૫) સા. વ. વિભાગનો તા. ૨૦-૭-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક
(૬) સા. વ. વિભાગનો તા. ૨૧-૮-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

**આમુખ**

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ (૧) પરના તા.૧૦-૩-૨૦૦૦ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને રહેમરાહે નોકરી આપવાની સુધારેલ યોજના અમલી હતી. જે યોજના રદ કરીને સંદર્ભ (૨) પરના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના દાખલ કરવામાં આવેલ.

સંદર્ભ (૧) પરનાં તા. ૧૦-૩-૨૦૦૦ના ઠરાવમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના લાપત્તા થયેલ કર્મચારીના કિસ્સામાં તેમના આશ્રિતને રહેમરાહે નોકરી આપવાની જોગવાઈ હતી. પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૦૫-૦૭-૧૧ ના ઠરાવથી અમલમાં આવેલ ઉચ્ચક નાણાકીય સહાયની યોજનામાં વર્ગ-૩ અને વર્ગ-૪ના લાપતા થયેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગે જોગવાઈ થયેલ ન હતી. આ જોગવાઈ તાઃ ૦૫-૦૭-૧૧

Scanned by CamScanner

ના ઠરાવમાં લાગુ પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ સંદર્ભમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

નીચેની શરતો પરિપૂર્ણ થતી હોય તેવા કિસ્સામાં ચાલુ નોકરી દરમ્યાન લાપત્તા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીના આશ્રિત કુટુંબના એક સભ્યને સામાન્ય વહીવટ વિભાગના તા: ૦૫-૦૭-૧૧ ના ઠરાવ મુજબ ઉચ્ચક નાણાકીય સહાય યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૧) જે તારીખથી કર્મચારી લાપતા થયેલ હોય તે તારીખથી ઓછામાં ઓછા ૭ વર્ષ પસાર થયા પછી જ આ યોજનાનો લાભ આપવા માટે વિચારણા કરી શકાશે. આ માટે-

(એ) કર્મચારી લાપતા થયાની પોલીસમાં એફ.આઇ.આર. નોંધાયેલી હોવી જોઇએ.

(બી) લાપતા કર્મચારી શોધી શકાતા ન હોવા જોઇએ.

(સી) સક્ષમ સત્તાને સાચો કેસ હોવાનું લાગવું જોઇએ.

(ડી) જે તારીખથી કર્મચારી લાપતા થયેલ હોય તે તારીખથી ૭ વર્ષ સમાપ્ત થયા બાદ નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં અરજી કરેલ હોવી જોઇએ.

(ઈ) નામદાર અદાલતે લાપત્તા કર્મચારીનું દીવાની મૃત્યુ થયેલ હોવાનું વિજ્ઞાપન કરી આપેલ હોવું જોઈએ.

(એફ) આ પ્રકારના લાપતા થયેલ કર્મચારીના કેસોમાં ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની વિનંતી પર સંબંધિત વિભાગના અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ કક્ષાએ જ નિર્ણય લઇ શકાશે.

<u>(૨) નીચે મુજબના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર થશે નહીં</u>

(એ) જેના પર છેતરપિંડી કર્યાની કે કોઇ ત્રાસવાદી સંસ્થા / તંત્રમાં જોડાયાની કે વિદેશ ગયાની શંકા હોય.

(બી) ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની વિનંતી વિચારણામાં લેતી વખતે પોલીસ તપાસના પરિણામો પણ ધ્યાનમાં લેવાનાં રહેશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૫-૭-૨૦૧૧ અને ત્યાર બાદ તે સંદર્ભે થયેલ તમામ જોગવાઈઓ /શરતો યથાવત રહેશે.

Scanned by CamScanner

(૪) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)
( એ.એચ.મનસુરી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
•રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
•સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર .
•સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ .
પગાર અને હિસાબી અધિકારીશ્રી , ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
વિશિષ્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
પત્ર દ્વારા

ક્રમાંક: હિ-૩/ઉ.ના.સ./૨૦૧૯-૨૦૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બનાસકાંઠા જિલ્લો પાલનપુર
તા. ૧૩/૦૭/૨૦૧૯

-નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ
પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત મા. અને ઉ.મા.શાળાઓ, તમામ.
બનાસકાંઠા જિલ્લો.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા પાલનપુર

Scanned by CamScanner
Scanned by CamScanner